# ભિલોડામાં વેપારીને અસામાજિક તત્ત્વોએ ઢોરમાર માર્યો

## વેપારીઓ અને ગ્રામજનો ધ્વારા શામળાજી-ઈડર ધોરીમાર્ગ ઉપર વાહનો ચક્કાજામ કરાવતાં વાહનોની લાંલી-લાંબી કતારો : ભિલોડા વેપારી એસોસીએશન ધ્વારા ભિલોડા મામલતદાર કચેરી અને ભિલોડા પોલીસ સ્ટેશનમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું : બજારો સજ્જડ બંધ રહ્યા

ભિલોડા,તા.૧૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા વિસ્તારમાં આવેલ કૈલાશ કોમ્પલેક્ષ આગળ એક રીક્ષા ચાલક સાથે સામાન્ય બોલાચાલી બાબતે એક વેપારીને પ્રાઈવેટ વાહન ચાલકો અને અસામજીક તત્વોએ વેપારીને ગળદાપાટુનો ઢોર માર મરાતાં ચકચાર મચી જવા પામી હતી. ભિલોડામાં વેપારીઓ અને ગ્રામજનો ધ્વારા શામળાજી-ઈડર ધોરીમાર્ગ ઉપર વાહનો ચક્કાજામ કરાવતાં વાહનોની લાંલી-લાંબી કતારો લાગી હતી. ભિલોડા વેપારી એસોસીએશન ધ્વારા ભિલોડા મામલતદાર કચેરીમાં મામલતદાર જી.કે.પટેલ અને ભિલોડા પોલીસ સ્ટેશનમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.વેપારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા







ભિલોડાના હાર્દસમા વિસ્તારોમાં વેપારીઓ ધ્વારા ધંધા-રોજગાર બંધ રાખ્યા હતા.બજારો આજે સજ્જડ બંધ રહ્યા હતા.ભિલોડામાં ઠેર-ઠેર લુખ્ખી દાદાગીરી કરતાં અમુક પ્રાઈવેટ વાહન ચાલકો અને અસામાજીક તત્વોના જીવ પડીકે બંધાયા હતા.ભિલોડામાં જાગૃત વેપારીઓ અને ગ્રામજનોએ પોલીસની કામગીરી પ્રત્યે ફીટકારની લાગણી વરસાવતા હતા.

ભિલોડા કૈલાશ કોમ્પલેક્ષમાં ફેશન પોઈન્ટ નામની રેડીમેડ ગારમેન્ટની દુકાન ધરાવતા કલ્પેશભાઈ હરીભાઈ પટેલ ગત સમી સાંજે નઝેવાડના તળાવ કિનારે લઘુશંકા કરવા માટે ગયા હતા.તે દરમ્યાન પ્રાઈવેટ રીક્ષા ચાલકો અને અસામાજીક પાંચ અજાણ્યા ઈસમોએ વેપારીને કાળા કલરનું વાયર,કમર ઉપર બાંધવાના પટ્ટાથી જોર-શોરથી બિભત્સ ગાળો બોલી ગળદાપાટુનો ઢોર માર મારી તેમના માથાના ભાગે,પીઠના ભાગે હાથ ઉપર તેમજ શરીર ઉપર ગંભીર રીતે મુંઢ માર મારતાં ચકચાર મચી જવા પામી હતી.ઘટનાસ્થળે વેપારીઓ અને ગ્રામજનોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા ત્યારે અસામાજીક તત્વો ઘટના સ્થળ છોડી ગણતરીની મીનીટોમાં ફરાર થઈ ગયા હતા.કલ્પેશભાઈ પટેલને પ્રાઈવેટ વાહન મારફતે ભિલોડા કોટેજ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ભિલોડા પોલીસ સ્ટેશનમાં આ બનાવ સંદભે પોલીસ ફરીયાદ કલ્પેશભાઈ પટેલએ નોંધાવતાં પોલીસએ ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે. ભિલોડા સી.પી. આઈ. એસ. જે. મોદી આ બનાવ સંદર્ભે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ભિલોડામાં આ ઘટના સંદર્ભે આધારભુત સુત્રોના જણાવ્યા મુજબ તા.૧૧/૯/૨૦૧૫ ને શુક્રવારના રોજ સવારે પ્રાઈવેટ રીક્ષા ચાલકએ શામળાજી ધોરીમાર્ગ ઉપર કૈલાશ કોમ્પલેક્ષ સામે આડેધડ રીક્ષા પાર્કીંગ કરતાં વેપારીએ રીક્ષા ચાલકને કહ્યું કે રોડની સાઈડમાં રીક્ષા ઉભી રાખો તેમ કહેતાની સાથે જ રીક્ષા ચાલક આવેશમાં આવી ગયો હતો.રીક્ષા ચાલકે કહ્યું કે તારે શું કરવું છે તારે થાય તે કરી લેજે શું તું પોલીસ કેસ કરીશ અમે તો મુસાફરો ભરવા માટે ટ્રાફીક પોલીસને મલાઈદાર હપ્તા આપીએ છીએ તેમ કહી અજાણ્યો રીક્ષા ચાલક ફરાર થઈ ગયો હતો.રીક્ષા ચાલકે અદાવત રાખી સમી સાંજે વેપારી લઘુશંકા કરવા ગયા હતા તે દરમ્યાન ગળદાપાટુનો ઢોર માર મારી ગંભીર ઈજાઓ વેપારીના શરીર ઉપર પહોંચાડતા ચકચાર મચી જવા પામી હતી.ભિલોડા તાલુકામાં આ ઘટના ટોક ઓફ ધી ટાઉન બની ગઈ હતી.



# પાલનપુરમાં રાજપૂતોનો રણટંકાર : સરકાર આપે નહીં તો છીનવવાની તાકાત છે

## ગુજરાતમાં બિનઅનામતવાળા દરેક સમાજ એક મંચ ઉપર આંદોલન કરે તેવા રાજપૂત સમાજની સભામાં સંકેતો

પાલનપુર, તા. ૧૨

બનાસકાંઠા રાજપૂત હિતરક્ષક મંચ દ્વારા શુક્રવારે પાલનપુરમાં અનામતના મુદ્દે જાહેરસભા યોજાઈ હતી. જેમાં હજારોની જનમેદનીને સંબોધન કરતાં ગુજરાત રાજપૂત ક્ષત્રિય સમાજ સમિતિના યુવા અગ્રણી દિગ્વિજયસિંહ જાડેજાએ સરકારને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, ‘અમે કોઈ સમાજ કે ગરીબ લોકોના હક્કના વિરોધમાં નથી. પરંતુ અમારા રાજપૂત સમાજના ગરીબ લોકોને થતાં અન્યાય માટે સરકાર અનામત નહિ આપે તો તેને છીનવી લેવાની તાકાત આ સમાજમાં છે તેવો રણટંકાર કર્યો હતો.

રાજપૂત સમાજની સભામાં ગુજરાત રાજપૂત ક્ષત્રિય સમાજ સમિતિના યુવા પ્રમુખ સંજયસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, ‘રાજપૂત સમાજે દેશ માટે હંમેશા બલીદાન આપ્યા છે. ૫૬૨ રજવાડા દેશને સોંપી દીધા છતાં હજુ અમારી સાથે અન્યાય કેમ ? સમાજને એકતાની જરૂર છે. અનામત તો આપોઆપ સરકારને આપવી પડશે તેમ જણાવ્યું હતું. ત્યારે ગુજરાત રાજપૂત ક્ષત્રીય સમાજ સમિતિના પ્રમુખ કરણસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, ‘રાજપૂત સમાજને અનામતના કારણે અભ્યાસ, નોકરી, એડમિશન મેળવવા જેવા વિવિધ ક્ષેત્રોમાં ભારે મુશ્કેલી વેઠવી પડે છે. ત્યારે બિનઅનામતવાળા સમાજોના ગરીબ વર્ગના લોકો માટે આર્થિક રીતે પછાત હોય તેવા વ્યક્તિઓને અનામતનો લાભ આપવા અમારી માંગણી છે. અને રાજપૂત સમાજ તાજેતરમાં થયેલા અનામત આંદોલનમાં મોતને ભેટનાર યુવકો અને પોલીસ કર્મીઓને શ્રદ્ધાંજલિ આપે છે. સાથે અનામત પાટીદાર સમાજ, બ્રહ્મ સમાજ સહિત અન્ય બિન અનામતવાળા સમાજોના આગેવાનો ગુરૂવારે સાંજે પાલનપુર ખાતે અમોને મળ્યા હતા. તેઓએ અનામત આંદોલન માટે રાજપૂત સમાજનું સમર્થન માંગ્યું છે. જેથી આગામી દિવોસમાં ગુજરાતમાં ભેગા મળી આંદોલન કરવાની દિશામાં આગળ વિચારી રહ્યા છીએ. આ સાથે ગુજરાતમાં સામાજિક સમરસતા મંચના માધ્યમથી આંદોલનને આગળ ધપાવીશું.`તમજ માર્ચ માસથી દિલ્હીમાં આંદોલન શરૂ કરી આંદોલનને દેશવ્યાપી બનાવવામાં આવશે તેમ ઉમેર્યું હતું.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા રાજપૂત સમાજ હિતરક્ષક મંચના કન્વીનર સામંતસિંહ સોલંકી, વાવના પૂર્વ ધારાસભ્ય હેમાભાઈ રાજપૂત, લક્ષ્મણસિંહ રાઠોડ, ગુજરાત રાજપૂત ક્ષત્રિય સમાજ સમિતિના ઉત્તર ગુજરાતના કન્વીનર વિજયસિંહ બારડ, સમાજના દાતા પ્રકાશસિંહ રાજપૂત, વડગામ તાલુકા પંચાયતના પ્રમુખ પ્રવિણસિંહ હડિયોલ, યુવા અગ્રણી પ્રદિપસિંહ રાજપૂત સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને સભા બાદ સમાજના અગ્રણીઓએ નાયબ કલેક્ટરને પોતાની માંગણીઓનું આવેદનપત્ર સોંપ્યું હતું. ત્યારે રાજપૂત સમાજની આ સભા શાંતિપૂર્ણ અને સફળ રીતે પૂર્ણ થતાં રાજપૂત સમાજના સર્વે વડીલો, યુવાનો અને માતા-બેનોનો મિડીયા કન્વીનર વિક્રમસિંહ રાણાએ આભાર વ્યક્ત કર્યો હતો.



## પાલનપુરમાં હાર્દિક પટેલે ધારાસભ્યને ગુલાબ આપી સમર્થન માગ્યું

પાટીદાર અનામતના કન્વીનર હાર્દિક પટેલે પાલનપુરમાં આવી સમસ્ત બ્રહ્મસમાજના પ્રદેશ પ્રમુખ શૈલેષ જોષીની મુલાકાત લીધી હતી અને પાલનપુરના કોંગ્રેસના ધારાસભ્ય મહેશ પટેલને ગુલાબ આપી સમર્થન માગ્યું હતું. જ્યારે મહેશ પટેલે પણ હાર્દિક પટેલની ગાંધીનગીરીને સમર્થન આપી પાટીદારોની સાથે હોવાનો એકરાર કર્યો હતો.
**(તસવીર : હરેશ જોષી, પાલનપુર)**

# પ્રાંતિજ કોલેજ ખાતે સાયકલીગ સ્પર્ધા યોજાઈ

પ્રાંતિજ,તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ એમ.સી. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે હેમચંદ્રાચાર્ય ઉત્તર યુનિવર્સિટી પાટમ દ્વારા પ્રાંતિજ ખાતે ઈન્ટર કોલેજ સાયકલીંગ સ્પર્ધા બે દિવસ માટેની યોજાઈ હતી.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રાંતિજ ખાતે એમસી દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના સહયોગથી રેલવે સ્ટેશન જીઈબી હરસોલ રોડ ઉપર યોજાઈ હતી.`જમાં સાયકલીંગ સ્પર્ધામાં આઠ કોલેજમાંથી ૭૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓની સાયકલીંગ સ્પર્ધા ૧૦૦ કિ. મીટર સ્પર્ધામાં પ્રાંતિજ કોલેજમાંથી પ્રથમ અને ત્રીજો નંબર આવ્યો હતો. જ્યારે બીજો નંબર રાધનપુર કોલેજનો વિદ્યાર્થી આવ્યો હતો. જ્યારે બહેનો માટે ૨૦ કિલોમીટરની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રથમ નંબરે પાટણ કોલેજનો આવ્યો હતો. જ્યારે બે દિવસની સાયકલીંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કોલેજના આચાર્ય ડૉ. કામેશ્વર પ્રસાદ, પો. મેહુલભાઈ, પો. સુરેશભાઈ વગેરે દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે પ્રાંતિજ પોલીસ દ્વારા ટ્રાફિક ઉપર અંકુશ મુકવામાં આવ્યું હતું.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# મોડાસામાં મહિલાનું શંકાસ્પદ સ્વાઈન ફલુથી મોત

## ગ્રામજનોમાં ફફડાટ : આરોગ્ય વિભાગ દ્વારા સરવે હાથ ધરાયો

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લામાં શિયાળાની ઋતુમાં સ્વાઈનફલુ નામની મહામારી બીમારીએ ૧ ઉથી વધુ પ્રજાજનોનો ભોગ લીધો હતો. જીલ્લાના પ્રજાજનો સતત ભયના ઓથાર હેઠળ જીવવા મજબૂર બન્યા હતા. સ્વાઈનફલુ નામની મહામારીએ જિલ્લાવાસીઓમાં ફફડાટ ફેલાયો હતો. થોડા દિવસ અગાઉ માલપુરની મહિલાનું સ્વાઈનફ્લુથી મોત નિપજ્યું હતું. મોડાસા તાલુકાના ઉમેદપુર (જીવણપુર)ગામની ૪૫ વર્ષીય મહિલાનું શંકાસ્પદ સ્વાઈનફ્લુથી મોત નિપજતાં મોત નિપજતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ઉમેદપુર અને પરિવારજનોમાં સર્વે હાથ ધરાયો છે.

મોડાસા તાલુકાના શામળાજી રોડ પર આવેલા ઉમેદપુર (જીવણપુર) ગામની ૪૫ વર્ષિય મહિલા શારદાબેન નાથાભાઈ પટેલ શુક્રવારના રોજ શરદી, ખાંસી, તાવ અને શ્વાસ લેવામાં તકલીફ પડવાની સાથે છાતીમાં અચાનક દુખાવો ઉપડતા મોડાસાની ખાનગી હોસ્પિટલ સંજીવનીમાં ખસેડાયા હતા. જ્યાં મહિલાને શ્વાસ લેવામાં તકલીફ વધુ જણાતા તબીબોએ વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે આવેલી મેડીસ્ટાર હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં મહિલાની તબીયતમાં સુધારો ન જણાતા અને તબીબોને મહિલાના રોગના લક્ષણો શંકાસ્પદ સ્વાઈનફ્લુ જેવા જણાતા શનિવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવતા પરિવારજનો મહિલાને અમદાવાદ સિવિલમાં પહોંચે તે પહેલા જ શંકાસ્પદ સ્વાઈનફ્લુથી મોત નિપજતાં પરિવારજનો સ્તબ્ધ બની ગયા હતા અને મહિલાને સ્વાઈનફ્લુનો રિપોર્ટ કરાવ્યા વગર મૃતદેહ માદરેવતન લઈ આવ્યા હતા. મહિલાના લક્ષણો શંકાસ્પદ સ્વાઈનફ્લુ જેવા જણાતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો અને ગ્રામજનો સ્વાઈનફ્લુ નામની મહામારી બિમારીના ભયના ઓથાર હેઠળ આવી ગયા છે. મોડાસા આરોગ્ય વિભઆગ અને ટીંટોઈ પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર દ્વારા તાબડતોડ જીવણપુર (ઉમેદવુર) ગામે પહોંચી સર્વે હાથ ધરાયો હતો.

### અરવલ્લી જિલ્લા સી.ડી.એચ.ઓ. અમરનાથ વર્માના જણાવ્યા અનુસાર

અરવલ્લી જિલ્લા સી.ડી.એચ.ઓ. ડૉ. વર્માએ ટેલીફોનિક વાત કરતા જણાવ્યું હુતં કે ઉમેદવુર (જીવણપુર)ની ૪૫ વર્ષીય મહિલાનું શંકાસ્પદ સ્વાઈનફ્લુથી મોત નિપજ્યાનું જાણવા મળતા તાલુકા આરોગ્ય અધિકારી અને ટીંટોઈ પ્રાથમીક આરોગ્યના તબીબ અને તેમની ટીમ દ્વારા તાત્કાલિક ઉમેદવાર પહોંચી સર્વે હાથ ધરાયો હતો અને મૃતક મહિલાના પરિવારજનોની તપાસ કરી ડોન્ટેકેર મેડીસીન આપવામાં આવી હતી અને ગામમાં આરોગ્ય વિભાગ દ્વારા સર્વે હાથ ધરાયો છે. આરોગ્ય વિભાગ દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. મહિલાનું મૃત્યુ હાર્ટએટેકથી થયું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

# મેઘરજ જનતા શરાફી મંડળીની ચૂંટણી બાદ ૬ દિવસ બાદ મતગણતરી હાથ ધરાઈ

ઈસરી, તા. ૧૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરની જનતા શરાફી મંડળીની ડીરેક્ટરોની ચૂંટણી યોજાયા બાદ આજે છ દિવસ બાદ પોલીસ બંદોબસ્ત સાથે મત ગણતરી કરવામાં આવતા સમગ્ર પંથકમાં કુતુહૂલતા સર્જાઈ છે.

વિગત એવી છે કે મેઘરજ નગરમાં ૩૩૦૦ સભાસદો ધરાવતી શરાફી મંડળી ચાલી રહી છે. આ મંડળીમાં સભાસદોના લાખો રૂપિયાની ડીપોઝીટો પણ મુકવામાં આવેલ છે. દર વર્ષે ચેરમેન અને ડીરેક્ટરોની ચૂંટણીઓ યોજવામાં આવે છે. પરંતુ ચાલુ વર્ષે આ જનતા શરાફી મંડળીની ચેરમેન અને ડીરેક્ટરની મુદત પૂર્ણ થતાં ૧૦ ડીરેક્ટરો માટે ૧૯ ઉમેદવારોએ ઉમેદવારી કરી હતી અને ગત તા. ૬-૯-૧૫ને રવિવારના રોજ ડીરેક્ટરોની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૧૩૫૦નું મતદાન થવા પામ્યું હતું. રવિવારની રાત્રીએ આ મતગણતરી શરૂ થતાં મતદાન મથક ઉપર સંખ્યાબંધ હલ્લાબોલ સર્જાતા ચૂંટણી અધિકારીએ મતગણતરીનું કામકાજ સ્થગિત કર્યું હતુ. તે સંદર્ભે ચૂંટણી અધિકારી પોલીસ બંદોબસ્ત સાથે મતદાન થાય તે હેતુસર જિલ્લા પોલીસવડાને લેખિતમાં જાણ કરતા જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ જનતા શરાફી મંડળીને પોલીસ બંદોબસ્ત આપતા આજે છ દિવસ બાદ મત ગણતરી શરૂ કરવામાં આવી હતી. આ જનતા શરાફી મંડળીમાં હલ્લાબોલ સર્જાતા જનતા સરાફી મંડળીના વહીવટ સામે શંકા કુશંકા પેદા થવા માંડી છે.

# સેજવિકપુરા ગામે પુત્રની પોતાના જ પિતા સહિત છ સામે ફરિયાદ

## ન્યાય માટે મુખ્યમંત્રી સહિત રાજ્ય પોલીસ વડાને પત્ર લખી રજૂઆત કરી

પ્રાંતિજ, તા. ૧૨

પ્રાંતિજના ૧૯ વર્ષીય યુવાને માતાના ન્યાય માટે પોતાના જ પિતા સહિત પાંચ સગાસંબંધિ સામે પ્રાંતિજ પોલીસમથકમાં ફરિયાદ કરી હતી. પરંતુ પ્રાંતિજ પોલીસની આળસુ નીતિ જોતા હવે યુવાને ન્યાય માટે મુખ્યમંત્રી સહિત ઉચ્ચકક્ષાએ લેખિત રજૂઆત કરી ન્યાયની અપીલ કરી છે.

પ્રાંતિજ તાલુકાના સેજવિકપુરા ગામે સચિત ભગવાનસિંહ રાઠોડ પોતાની બે બહેન - એક ભાઈ અને માતા સાથે જીવન ગુજરાન કરે છે. જ્યાં વારંવાર તેના પિતા અને પરિવારજનો દ્વારા તેની માતાને છેલ્લા ઘણા સમયથી માર ઝુડ કરી માનસિક તેમજ શારીરિક ત્રાસ આપવામાં આવે છે. થોડા દિવસ અગાઉ યુવાનના પરિવારજનોએ તેણી માતાના પેટના ભાગે દાતરડુ મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આથી તેને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

યુવાન દિકરાની હાજરીમાં પિતા અને પરિવારજનોના માતા સાથેના આ કૃત્ય સામે યુવાને પ્રાંતિજ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. પરંતુ પોલીસ આળસુ બની કોઈ કાર્યવાહી ન કરતા યુવાને રાજ્યના મુખ્યમંત્રી ડી.જી. જિલ્લા પોલીસ વડા, સહિતના ઉચ્ચ અધિકારીને લેખિતમાં રજૂઆત કરી છે અને સુર્યાબા શિવસિંહ રાઠોડ, ચંદાબા અલ્પેશસિંહ રાઠોડ, અલ્પેશસિંહ શિવસિંહ રાઠોડ, ભગવાનસિંહ અરજણસિંહ રાઠોડ, દિપસિંહ બાદરસિંહ રાઠોડ અને કાળુસિંહ સરદારસિંહ રાઠોડ સામે કાયદાકીય પગલા લેવા રજુઆત કરવા માંગ કરી છે.

# પ્રાંતિજમાં આઠ કરોડના ખર્ચે ફોરલેન રોડ બનશે

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠથી રેલવે સ્ટેશન હરસોલ રોડ ફોરલેન રોડ મંજુર થતા ગામજનોમાં હર્ષની લાગણી ફેલાઈ છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે તાલુકા સેવા સદનના ઉદ્દ્ઘાટન પ્રસંગે આવેલ માર્ગ મકાનમંત્રી નીતિનભાઈ પટેલ ને સાંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તથા પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ દ્વારા ત્રણ રસ્તા ઉપરથી રેલવે સ્ટેશન સુધીનો માર્ગ ફોરલેન માટે રજુઆતો કરવામાં આવી હતી. અને તે સમયે નિતિનભાઈ પટેલ દ્વારા જાહેરમાં નવરાત્રી સુધીમાં મંજુર થઈ જશે જણાવેલુ. જ્યારે મંત્રી દ્વારા અંદાજે આઠ કરોડના ખર્ચે ફોરલેન મંજુર કરતાં આ રોડ ઉપર આવેલ શાળા કોલેજો સહિત ગામજનોમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી હતી. ને ફોરલેન રોડને લઈને અકસ્માતોમાં પણ નોંધપાત્ર ઘટાડો તથા ટ્રાફિક હળવો થશે જ્યારે જાયન્ટસ ગ્રુપ દ્વારા રજુઆત તથા નગરપાલિકા પૂર્વ પ્રમુખ ગીરીશભાઈ પટેલે પણ ૨૦૧ ૩માં દરખાસ્ત મુકી હતી.

જ્યારે ફોરલેન રોડ ઉપર રાત્રી દરમ્યાન સ્ટ્રીટલાઈટની સુવિધા પણ નગરપાલિકા પુરી પાડશે અને જાણવણી બીલ ખર્ચ સહિતની જવાબદારી નગરપાલિકા દ્વારા કરવામાં આવશે તેવું નગરપાલિકાના પ્રમુખ નિરવભાઈ પરીખ દ્વારા જાણવા મળ્યું છે.

## તલોદ જૈન દેરાસરમાં ઈન્દ્ર ધ્વજ મંડળ વિધાન યોજાશે

પદ્મનંદીજી મુનિમહારાજના શિષ્યમુનિ પુન્યનંદીજી ગુરૂદેવનો ૧૮મો પાવન-પાવસ વર્ષા યોગ મહોત્સવ તલોદના આદિનાથ દિગંબર જૈન દેરાસર ખાતે ઉજવાશે. આ મહોત્સવમાં ઈન્દ્ર ધ્વજ મહામંડલ વિધાન ૧૩મી ઓક્ટોબરથી ૨૨મી ઓક્ટોમ્બર સુધી ભણાવવામાં આવશે. ઉપરાંત ૧૮મી સપ્ટે.ના દશ લક્ષણ વ્રત, ૨૦ મી. સપ્ટે. ક્ષમાવાણી મહાપર્વ ૨૭મી ઓક્ટો. શરદ પૂર્ણમાની ઉજવણી થશે. તેમજ ૧૫-૧૧ના રોજ વર્ષોયોગ નિષ્ઠાવાન તેમજ પિન્છીનું પરિવર્તન મુનિ કરશે.